Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००७, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૭–૪–૨૦૧૬**

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરૂવાર, તા.૭–૪–૨૦૧૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા.૭–૪–૨૦૧૬ |
|---|---|---|
| ૧. | ડૉ.દક્ષેશ રસીકલાલ ઠાકર (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૬. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૭. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૮. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૦. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૧. | શ્રી પરેશ રમેશભાઈ પટેલ | હાજર |
| ૧૨. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૩. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૪. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | હાજર |
| ૧૫. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |

૧. સિન્ડિકેટની તા.૨૯–૨–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત...

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૯–૨–૨૦૧૬ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને નીચે મુજબના સુધારા–વધારા સાથે મંજૂર કરવી.**

**<u>સિન્ડિકેટની તા.૬–૨–૨૦૧૬ની સામાન્ય સભાની બાબત ક્રમાંક : ૮</u>**

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં ફરજ બજાવેલ જુનિયર સ્ટેનોગ્રાફર શ્રી શંકર ભાલાજી પરમાર સામે વિભાગના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સિટીની ફી ઉપરાંત બિનઅધિકૃત રીતે વધારાના પૈસા ઉઘરાવી પાછળથી રસીદ આપવાનું જણાવી રસીદ આપવામાં આવેલ નથી અને તે પૈસા સીધા ચાંઉ કરી જાવ છો એવી મૌખિક તેમજ લેખિત ફરિયાદ સંદર્ભે યુનિવર્સિટી કાર્યાલય તરફથી તેઓને પાઠવવામાં આવેલ પત્રોનો સંતોષકારક પ્રત્યુત્તર યુનિવર્સિટી કાર્યાલયને આપેલ ન હોવાથી તેઓ સામે માનનીય કુલપતિશ્રીએ નિમેલ તપાસ સમિતિ (ડૉ.આર.ડી.પટેલ, પ્રોફેસર એન્ડ હેડ, આંકડાશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત તથા ડૉ.એ.વેંકટરામન, પ્રોફેસર, લોક પ્રશાસનનો અનુસ્નાતક વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત) એ બંધ કવરમાં રજુ કરેલ તપાસ અહેવાલ **સંદર્ભે તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારવો. તપાસ સમિતિના ઠરાવ્યાનુસાર કસુરવારને ઠપકો આપવો તથા એક ઈજાફો એક વર્ષ માટે અટકાવવો તેમજ બીજા વર્ષે એનો લાભ સળંગ આપવો.**

**<u>ને બદલે</u>**

:: **આથી બહુમતીથી ઠરાવવામાં આવે છે કે,** યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગમાં ફરજ બજાવેલ જુનિયર સ્ટેનોગ્રાફર શ્રી શંકર ભાલાજી પરમાર સામે વિભાગના વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓ પાસેથી યુનિવર્સિટીની ફી ઉપરાંત બિનઅધિકૃત રીતે વધારાના પૈસા ઉઘરાવી પાછળથી રસીદ આપવાનું જણાવી રસીદ આપવામાં આવેલ નથી અને તે પૈસા સીધા ચાંઉ કરી જાવ છો એવી મૌખિક તેમજ લેખિત ફરિયાદ સંદર્ભે યુનિવર્સિટી કાર્યાલય તરફથી તેઓને પાઠવવામાં આવેલ પત્રોનો સંતોષકારક પ્રત્યુત્તર યુનિવર્સિટી કાર્યાલયને આપેલ ન હોવાથી તેઓ સામે માનનીય કુલપતિશ્રીએ નિમેલ તપાસ સમિતિ (ડૉ.આર.ડી.પટેલ, પ્રોફેસર એન્ડ હેડ, આંકડાશાસ્ત્રનો અનુસ્નાતક વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત તથા ડૉ.એ.વેંકટરામન, પ્રોફેસર, લોક પ્રશાસનનો અનુસ્નાતક વિભાગ, વી.ન.દ.ગુ.યુનિ., સુરત) એ બંધ કવરમાં રજુ કરેલ તપાસ અહેવાલ **સંદર્ભે તપાસ સમિતિનો અહેવાલ સ્વીકારવો. તપાસ સમિતિના ઠરાવ્યાનુસાર કસુરવારને ઠપકો આપવો તથા એક ઈજાફો એક વર્ષ માટે અટકાવવો તેમજ બીજા વર્ષે એનો લાભ સળંગ આપવો.**

**(નોંધ :સભ્યશ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી તથા ડૉ.રાકેશ એન. દેસાઈએ પ્રસ્તુત બાબતે નાસંમતિ નોંધાવેલ છે.)**

**<u>વાંચનમાં લેવું</u>**

**(વહીવટી)**

**<u>સિન્ડિકેટની તા.૨૯–૨–૨૦૧૬ની સામાન્ય સભાની બાબત ક્રમાંક : ૩૦</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધારાની કલમ <u>21(1) (v) Two members nominated by the Syndicate from amongst its own members. AND 21(1) (2) The term of office of the members of the Academic Council other than ex-officio members shall be three years.</u> પ્રમાણે સિન્ડિકેટે તેના સભ્યો પૈકી બે સભ્યોને એકેડેમિક કાઉન્સિલ પર (Nominate) એટલે કે જે તે ચૂંટાયેલ ઉમેદવારનું સિન્ડિકેટનું સભ્યપદ ચાલુ રહે ત્યાં સુધી અથવા જે તે સભ્ય ૬૨ વર્ષની વય મર્યાદા પુરી કરે એ બે સમય મર્યાદામાં જે વહેલુ હોય તે સમય સુધી કરવાની જોગવાઈ મુજબ આગામી ત્રણ વર્ષ માટે નીચે મુજબના બે સભ્યોને ઉપરોકત નિયમ મુજબ નિયુકત (Nominate) કરવા.**

**(૧) આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) શ્રી પરેશ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**<u>ને બદલે</u>**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ધારાની કલમ <u>21(1) (v) Two members nominated by the Syndicate from amongst its own members. AND 21(1) (2) The term of office of the members of the Academic Council other than ex-officio members shall be three years.</u> પ્રમાણે સિન્ડિકેટે તેના સભ્યો પૈકી બે સભ્યોને એકેડેમિક કાઉન્સિલ પર (Nominate) એટલે કે જે તે ચૂંટાયેલ ઉમેદવારનું સિન્ડિકેટનું સભ્યપદ ચાલુ રહે ત્યાં સુધી અથવા જે તે સભ્ય ૬૨ વર્ષની વય મર્યાદા પુરી કરે એ બે સમય મર્યાદામાં જે વહેલુ હોય તે સમય સુધી કરવાની જોગવાઈ મુજબ આગામી ત્રણ વર્ષ માટે નીચે મુજબના બે સભ્યોને ઉપરોકત નિયમ મુજબ નિયુકત (Nominate) કરવા.**

**(૧) આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) શ્રી પરેશ રમેશભાઈ પટેલ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(નોંધ :સભ્યશ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ પ્રસ્તુત બાબત અંગે નાસંમતિ નોંધાવેલ છે.)**

**<u>વાંચનમાં લેવું</u>**

**(સિન્ડિકેટ)**

**સિન્ડિકેટની તા.૨૯–૨–૨૦૧૬ની સામાન્ય સભાના બાબત ક્રમાક : ૩૩**

:: **બાબત ક્રમાંક : ૩૩ અને ૨૭ની સંયુકત વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**
**આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ/ સિન્ડિકેટ સભ્ય (૧)આ.ડૉ.વી. ડી. નાયક અને (૨) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલની સંયુકત સહીથી તેમની તા.૧૮–૨– ૨૦૧૬ની અરજીથી પ્રવર્તમાન સ્ટેટયુટ પેરા–૩માં દાનની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ આપનાર દાતાનું નામ દાતાઓની યાદીમાં લેવાની જોગવાઈ છે તેમાં યોગ્ય તે વધારો કરી તે મુજબ સુધારવા કરેલી વિનંતી અન્વયે પ્રવર્તમાન સ્ટેટયુટ પેરા–૩માં દાનની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ ખરડો આ.ડૉ.મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ પાસે રજૂ (Move) કરાવવો.**

## PROPOSED

**Statute 17 :**

The Registrar shall prepare at the end of every year on 31st of December, a Register of Donors, each donating money or other property of the market value of not less than five lac of rupees to or for the purpose of the University as specified in Section (16) (1)Class II (C).

(1) If the donor is an undivided Hindu family, trust, firm, company or body corporate, for the purpose of voting, the name of the representative nominated from time to time by each such undivided Hindu family, trust, firm, company or body corporate shall be enrolled on the register maintained by the University.

(2) In the case of donation given jointly in the names of two or more persons, the name of only one representative will be enrolled in respect of that donation if other conditions are fulfilled.

**(3) In the case of donations given by instalments the total of such donations being five lac or more, the date of acceptance of the first instalment will be taken as the date of acceptance for purposes of enrolment. The person so entitled to vote or stand for election till the full amount of the donation i.e. Rs. 5,00,000/- or more, is paid.**

(4) If the number of names enrolled under sub-clauses (i) and (ii) of Section 16(1) Class II (C) is two or less than two, each person whose name is so enrolled on the register shall be deemed to have been elected to the Senate.

**ને બદલે**

:: **બાબત ક્રમાંક : ૩૩ અને ૨૭ની સંયુકત વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**
**આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ/ સિન્ડિકેટ સભ્ય (૧)આ.ડૉ.વી. ડી. નાયક અને (૨) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલની સંયુકત સહીથી તેમની તા.૧૮–૨– ૨૦૧૬ની અરજીથી પ્રવર્તમાન સ્ટેટયુટ પેરા–૩માં દાનની રકમ રૂા.૧,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમ આપનાર દાતાનું નામ દાતાઓની યાદીમાં લેવાની જોગવાઈ છે તેમાં યોગ્ય તે વધારો કરી તે મુજબ સુધારવા કરેલી વિનંતી અન્વયે પ્રવર્તમાન સ્ટેટયુટ પેરા–૩માં દાનની રકમ રૂા.૫,૦૦,૦૦૦/– કરવી અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ ખરડો આ.ડૉ.મહેન્દ્રસિંહ ડી. ચૌહાણ પાસે રજૂ (Move) કરાવવો.**

## PROPOSED

**Statute 17 :**

The Registrar shall prepare at the end of every year on 31st of December, a Register of Donors, each donating money or other property of the market value of not less than five lac of rupees to or for the purpose of the University as specified in Section (16) (1)Class II (C).

(1) If the donor is an undivided Hindu family, trust, firm, company or body corporate, for the purpose of voting, the name of the representative nominated from time to time by each such undivided Hindu family, trust, firm, company or body corporate shall be enrolled on the register maintained by the University.

(2) In the case of donation given jointly in the names of two or more persons, the name of only one representative will be enrolled in respect of that donation if other conditions are fulfilled.

**(3) In the case of donations given by instalments the total of such donations being five lac or more, the date of acceptance of the first instalment will be taken as the date of acceptance for purposes of enrolment. The person so entitled to vote or stand for election till the full amount of the donation i.e. Rs. 5,00,000/- or more, is paid.**

(4) If the number of names enrolled under sub-clauses (i) and (ii) of Section 16(1) Class II (C) is two or less than two, each person whose name is so enrolled on the register shall be deemed to have been elected to the Senate.

**(નોંધ :સભ્યશ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ પ્રસ્તુત બાબત અંગે નાસંમતિ નોંધાવેલ છે.)**

**વાંચનમાં લેવું**

**(સિન્ડિકેટ)**

**<u>સિન્ડિકેટની તા.૨૯–૨–૨૦૧૬ની સામાન્ય સભાની બાબત ક્રમાંક : ૩૫</u>**

**ક્રમાંક : ૩૫ અને ૩ની સંયુકત વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**

**આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ/ સિન્ડિકેટ સભ્ય (૧) આ.ડૉ.વી. ડી. નાયક અને(૨) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલની સંયુકત સહીથી તેમની તા.૧૮–૨–૨૦૧૬ની અરજીથી STATUTE 15 (A)નો (3) અને (4) ભાગ ડીલીટ કરી ઉપરોકત મુજબનો STATUTE 15 (A) વંચાય તે રીતે સુધારા વધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવામાં આવે છે અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ ખરડો શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ પાસે રજૂ (Move) કરાવવો.**

**<u>ને બદલે</u>**

**ક્રમાંક : ૩૫ અને ૩ની સંયુકત વિચારણા કરી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**

**આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટ/ સિન્ડિકેટ સભ્ય (૧) આ.ડૉ.વી. ડી. નાયક અને(૨) શ્રી પરેશભાઈ રમેશભાઈ પટેલની સંયુકત સહીથી તેમની તા.૧૮–૨–૨૦૧૬ની અરજીથી STATUTE 15 (A)નો (3) અને (4) ભાગ ડીલીટ કરી ઉપરોકત મુજબનો STATUTE 15 (A) વંચાય તે રીતે સુધારા વધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવામાં આવે છે અને આગામી સેનેટની વાર્ષિક સભામાં આ ખરડો શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ પાસે રજૂ (Move) કરાવવો.**

**(નોંધ :સભ્યશ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ પ્રસ્તુત બાબત અંગે નાસંમતિ નોંધાવેલ છે.)**

**<u>વાંચનમાં લેવું</u>**

**(સિન્ડિકેટ)**

૨. **Internal Quality Assurance Cell (IQAC)** ની તા.૦૩/૦૩/૨૦૧૬ના રોજ મળેલ સભાની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત....

(આઈ.કયુ.એ. સી./યુ.જી.સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, NAAC માટે અહેવાલ તૈયાર કરવા બદલ IQACને અભિનંદન પાઠવવા તથા સઘન વિચારણા કરી Minor સૂચનો આમેજ કરી IQACની ભલામણો મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ક ")**

૩. યુનિવર્સિટી એક્ટ 15 (X) અને સ્ટેટયૂટ–૧૯૭ની જોગવાઈ પ્રમાણે તા.૧–૪–૨૦૧૬થી તા.૩૧–૩–૨૦૧૭ના એક નાણાંકીય વર્ષ માટે પુનઃનિર્મિત થતી બોર્ડ ઓફ એકાઉન્ટસ માટેના પાંચ સભ્યોની ચૂંટણી તા.૨૯–૩–૨૦૧૬ની સેનેટની સભામાં રાખવામાં આવી હતી જેમાં ફકત ચાર ઉમેદવારો બિન હરીફ ચૂંટાયેલ જાહેર થયેલા હોય બાકી રહેતા એક સભ્યની સ્ટેટયૂટ 202 (C) અન્વયે નિયુકિત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ : નિયુકત થનાર સભ્ય સિન્ડિકેટ અધિકાર મંડળના સભ્ય નહી હોવા જોઈએ અને સેનેટ અધિકાર મંડળના (ordinary member) હોવા જોઈએ તથા સેનેટ વાર્ષિક સભા તા.૨૯–૩–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૨ નીચે મુજબ છે.)

**<u>સેનેટ (વાર્ષિક સભા) તા.૨૯–૩–૨૦૧૬ની બાબત ક્રમાંક : ૨</u>**

સને ૨૦૧૬–૨૦૧૭ના નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર પાંચ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

:: **ઉપરોકત ચૂંટણી માટે ઉમેદવારી પત્રકો સ્વીકારવા માટેની નિયત તારીખ અને સમય સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને નીચેના ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રકો મળ્યા હતાં:**

**(૧) શ્રી પંકજકુમાર મનવસરાય દેસાઈ (૨) શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા**

**(૩) ડૉ.વિનોદભાઈ પટેલ (૪) શ્રી કશ્યપ પ્રવિણસિંહ ખરચિયા**

**(૫) શ્રી અનિલ દિપચંદ ગોપલાણી**

**ઉપરોકત પાંચ (૫) ઉમેદવારોના ઉમેદવારીપત્રકોની ચકાસણી બાદ તમામ માન્ય ઠર્યા હતા. ઉમેદવારી પત્રક પાછું ખેચવાની નિયત તારીખ અને સમય સુધીમાં શ્રી અનિલ દિપચંદ ગોપલાણી દ્વારા ઉમેદવારી પત્રક પરત ખેંચેલ હોવાથી નીચે જણાવેલ ચાર (૪) ઉમેદવારોને નાણાંકીય વર્ષ ૨૦૧૬–૨૦૧૭ માટે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા અને આ ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ એક વર્ષનું એટલે કે, તા.૧–૪–૨૦૧૬ થી તા.૩૧–૩–૨૦૧૭ સુધીનું અથવા સેનેટ સભ્યપદ ચાલુ રહે તે સમય સુધી જે પણ વહેલું હશે ત્યાં સુધીનું રહેશે.**

**(૧) શ્રી પંકજકુમાર મનવસરાય દેસાઈ (૨) શ્રી મહેન્દ્રસિંહ ભરતસિંહ મહિડા**

**(૩) ડૉ.વિનોદભાઈ પટેલ (૪) શ્રી કશ્યપ પ્રવિણસિંહ ખરચિયા**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી એક્ટ 15 (X) અને સ્ટેટયૂટ–૧૯૭ની જોગવાઈ પ્રમાણે તા.૧–૪–૨૦૧૬થી તા.૩૧–૩–૨૦૧૭ના એક નાણાંકીય વર્ષ માટે પુનઃનિર્મિત થતી બોર્ડ ઓફ એકાઉન્ટસ માટેના પાંચ સભ્યોની ચૂંટણી તા.૨૯–૩–૨૦૧૬ની સેનેટની સભામાં રાખવામાં આવી હતી જેમાં ફકત ચાર ઉમેદવારો બિન હરીફ ચૂંટાયેલ જાહેર થયેલા હોય બાકી રહેતા એક સભ્યની સ્ટેટયૂટ 202 (C) અન્વયે નિયુકિત નીચે મુજબ કરવી.**

**(૧) શ્રી મહેશભાઈ વલ્લભભાઈ પટેલ (સરકાર નિયુકત સેનેટ સભ્યશ્રી)**

૪. સાર્વજનિક કોલેજ ઓફ લો, નવસારીની બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ મુલાકાત લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૨૦૧૬ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ એલએલ.બી.ના બે ડિવિઝનની તેમના તા.૭–૧૧–૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ BCI:D:2298/2015(LE) થી મંજૂરી આપવામાં આવેલ છે અને તેનો રીપોર્ટ પણ યુનિવર્સિટીને મોકલેલ છે. આ અહેવાલમાં જણાવેલ શરતોનું પાલન કરવા માટે સદર કોલેજને યુનિવર્સિટી કાર્યાલયના તા.૬–૨–૨૦૧૫ના પત્રથી જણાવતાં સદર કોલેજે તેમની શરતોના પરિપાલનનો અહેવાલ સદર કોલેજના મંત્રીશ્રીએ તેમના તા.૧૭–૦૨–૨૦૧૬ના પત્રથી મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, નવી ત્રણેય કાનૂન (લો) કોલેજીસ પાસેથી શિક્ષકોની નિમણૂંકની માહિતી આધાર પુરાવાઓ સાથે મંગાવવી તથા નિમણૂંક પામેલ લાયકાત ધરાવતા શિક્ષકોને છઠ્ઠા પગારપંચ મુજબનો પગાર આપવા તાકીદ કરવી અને હાલ જે પગાર આપવામાં આવે છે તેના પણ આધાર પુરાવાઓ રજૂ કરવા તાકીદ કરવી.**

૫. યુનિવર્સિટી સંલગ્ન વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુર, જિઃવલસાડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ની જોડાણ અરજીના સંદર્ભમાં અભ્યાસક્રમ બી.આર.એસ. નું ચાલુ જોડાણ મેળવવા કરેલ જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૨–૨–૨૦૧૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૮) અન્વયે, નિમેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન વનસેવા મહાવિદ્યાલય, બિલપુડી, તા.ધરમપુર, જિઃવલસાડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪–૧૫ની જોડાણ અરજીના સંદર્ભમાં અભ્યાસક્રમ બી.આર.એસ. નું ચાલુ જોડાણ મેળવવા કરેલ જોડાણઅરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૨૨–૨–૨૦૧૪ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૯૮) અન્વયે, નિમેલ ચકાસણી સમિતિના સભ્યોએ સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ ચકાસણી સમિતિના અહેવાલનો સ્વીકાર કરી યુનિવર્સિટી દ્વારા જણાવવામાં આવેલ તમામ શરતોના પરિપાલન કરવાની શરતોને આધિન અભ્યાસક્રમ બી.આર.એસ.નું ચાલુ જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.**

૬. જ્ઞાનોદય એજ્યુકેશનલ એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ૧, પરિજાતક વિહાર સોસાયટી,લીંક રોડ, ભરૂચ સંચાલિત એમિટિ બી.એડ્. કોલેજ, ભરૂચ સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ થી બંધ કરવાના જ્ઞાનોદય એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ભરૂચના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીના તા.૪–૩–૨૦૧૬ના પત્ર તથા ઈ.ચા. આચાર્યશ્રીના તા.૩–૩–૨૦૧૬ ના પત્રથી સ્વનિર્ભર બી.એડ્. કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ થી બંધ નહી કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ :(૧)સિન્ડિકેટની તા.૬–૨–૨૦૧૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૧૫) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જ્ઞાનોદય એજ્યુકેશનલ એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ૧, પરિજાતક વિહાર સોસાયટી, લીંક રોડ, ભરૂચ સંચાલિત એમિટિ બી.એડ્. કોલેજ, ભરૂચ સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭થી બંધ કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણુંક કરવી.**

**(૧) આ. ડૉ. વિક્રમભાઈ બી. દેસાઈ (આચાર્યશ્રી, સિધ્ધાર્થ લો કોલેજ, દાદા ભગવાન મંદિર પાસે, ને.હા.નં.: ૮, નવાગામ, કામરેજ ચાર રસ્તા, સુરત.)**

**(૨) આ.ડૉ.પ્રફુલ્લસિંહ જે. રાજ (કોલેજ ઓફ એજયુકેશન, મુ.પો.:ખરોડ, તા.:અંકલેશ્વર, જિ.:ભરૂચ.)**

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જ્ઞાનોદય એજયુકેશનલ એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ૧, પરિજાતક વિહાર સોસાયટી,લીંક રોડ, ભરૂચ સંચાલિત એમિટિ બી.એડ્. કોલેજ, ભરૂચ સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭થી બંધ કરવાના જ્ઞાનોદય એજયુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ, ભરૂચના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીના તા.૪–૩–૨૦૧૬ના પત્ર તથા ઈ.ચા.આચાર્યશ્રીના તા.૩–૩–૨૦૧૬ના પત્રથી સ્વનિર્ભર બી.એડ્. કોલેજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ થી બંધ નહીં કરવા કરેલ વિનંતીનો સ્વીકાર કરવો અને જોડાણ અરજી કરવા સંસ્થાને જણાવવું અને જોડાણની આગળની કાર્યવાહી કરવી.**

૭. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ(ગુજરાતી માધ્યમ) એન્ડ આર.કે. શાહ વિમેન્સ આર્ટસ કોલેજ, અમરોલીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. એ. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬ –૨૦૧૭થી બંધ કરવાના જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીના માનદ્‌મંત્રીશ્રીએ તેમના તા.૧૭–૩–૨૦૧૬ના પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત .

(નોંધઃ (૧) આ અંગે તેઓએ રૂા. ૧,૦૦,૦૦૦/– ની ફી ભરેલ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો. વી.બી.શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ(ગુજરાતી માધ્યમ) એન્ડ આર.કે. શાહ વિમેન્સ આર્ટસ કોલેજ, અમરોલીમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. એ. શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭થી બંધ કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી.**

**(૧) આ.ડૉ.વિપિનકુમાર ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આ.ડૉ.મધુકર એસ. પાડવી (આચાર્ય, એમ. ટી. બી. આર્ટસ કોલેજ, અઠવાલાઈન્સ, સુરત.)**

૮. જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો. વી.બી. શાહ ઈનસ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) એન્ડ આર. કે. શાહ વિમેન્સ આર્ટસ કોલેજ, સરસ્વતી શૈક્ષણિક સંકુલ, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત ના માનદ્‌મંત્રીશ્રીએ તેમના તા.૧૭–૩–૨૦૧૬ ના પત્રથી આફટરનુન સેલ્ફ ફાઈનાન્સ કલાસ, (બી.કોમ) માં એફ.વાય. બી.કોમ. અંગ્રેજી માધ્યમમાં –૨ વર્ગ અને ગુજરાતી માધ્યમમાં –૨ વર્ગ નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬ –૨૦૧૭ થી શરૂ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધઃ** (૧) સદર ટ્રસ્ટે આર્ટસ અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ થી બંધ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયમાં રૂા.૧,૦૦,૦૦૦/–નો ચેક જમા કરાવેલ છે. વિનયન સ્વનિર્ભર અભ્યાસક્રમ બંધ કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો. વી.બી. શાહ ઈનસ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ આર. વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ) એન્ડ આર. કે. શાહ વિમેન્સ આર્ટસ કોલેજ, સરસ્વતી શૈક્ષણિક સંકુલ, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરતના માનદ્‌મંત્રીશ્રીએ તેમના તા.૧૭–૩–૨૦૧૬ના પત્રથી આફટરનુન સેલ્ફ ફાઈનાન્સ કલાસ, (બી.કોમ)માં એફ.વાય. બી.કોમ. અંગ્રેજી માધ્યમમાં–૨ વર્ગ અને ગુજરાતી માધ્યમમાં–૨ વર્ગ નવા શૈક્ષણિક વર્ષ ૨૦૧૬–૨૦૧૭ થી શરૂ કરવા અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી.**

**(૧) આ.ડૉ.વિપિનકુમાર ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આ.ડૉ.મધુકર એસ. પાડવી (આચાર્ય, એમ. ટી. બી. આર્ટસ કોલેજ, અઠવાલાઈન્સ, સુરત.)**

૯. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલની મુદ્દત તારીખ ૧/૦૪/૨૦૧૬ના રોજ પૂર્ણ થવાની હોય Statute-294 મુજબ કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલ માટે નીચે મુજબના સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણુંક કરવા અંગે વિચારણા કરવા બાબત.

1. Five senior teachers of the university teaching departments to be appointed by the syndicate.
2. Nine principals of the affiliated colleges to be appointed by the syndicate.
3. Nine teachers of the affiliated colleges to be appointed by the syndicate.

(સી. ડી. સી.)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલની મુદ્દત તારીખ ૧/૦૪/૨૦૧૬ના રોજ પૂર્ણ થવાની હોય Statute-294 મુજબ કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સીલ માટે નીચે મુજબના સભ્યોની ત્રણ વર્ષ માટે નિમણુંક કરવી.**

**1. Five senior teachers of the university teaching departments to be appointed by the syndicate.**

**(૧) ડૉ.સતીષ એલ. પટેલ (પબ્લીક એડમીનીસ્ટ્રેશન વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૨) ડૉ.રવિ એમ. ગુલાટી (કોમ્પ્યુટર સાયન્સ વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૩) ડૉ.જયદિપ ચૌધરી (વેપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૪) ડૉ.મહેશ કે. ડે (અંગ્રેજી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**
**(૫) ડૉ.શરીફાબેન વીજળીવાળા (ગુજરાતી વિભાગ, વી. ન. દ. ગુ. યુ., સુરત.)**

**2. Nine principals of the affiliated colleges to be appointed by the syndicate.**

| | |
|---|---|
| **(૧) આ.ડૉ.પ્રફુલ્લસિંહ જે. રાજ** | **(કોલેજ ઓફ એજયુકેશન, મુ.પો.: ખરોડ, તા.: અંકલેશ્વર, જિ.: ભરૂચ.)** |
| **(૨) આ.ડૉ.એચ. વાય. ખરવસીયા** | **(શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ એન્ડ શ્રીમતી જે. કે. શાહ એન્ડ શ્રી કે. ડી. શાહ કોમર્સ કોલેજ, વ્યારા, જિ.: તાપી.)** |
| **(૩) આ.ડૉ.વિકાસભાઈ દેસાઈ** | **(બી. કે. એમ. સાયન્સ કોલેજ, ડૉ.મોઘાભાઈ વિદ્યાસંકુલ, શ્રી મોરારજી નગર, તીથલ રોડ, પો. બો. નં. ૮૯, વલસાડ.)** |
| **(૪) આ.ડૉ. બી. એ. તેવટીયા** | **(શ્રી એસ. જી. પટેલ આર્ટસ એન્ડ શ્રી પી. કે. પટેલ કોમર્સ કોલેજ, નીઝર, તાપી.)** |
| **(૫) આ. ડૉ. વિનોદચંદ્ર એન. પટેલ** | **(નવયુગ કોમર્સ કોલેજ, રાંદેર રોડ, સુરત.)** |
| **(૬) આ.ડૉ.શૈલેન્દ્રસિંહ ગંભીરસિંહ માંગરોલા** | **(શ્રી એમ.આર. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળા, જી.નર્મદા.)** |
| **(૭) આ.ડૉ.અશ્વીનકુમાર ડી.પંડયા** | **(શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ, વાલિયા, જિ.: ભરૂચ.)** |
| **(૮) આ.ડૉ.દિલીપભાઈ વરસાણી** | **(જે.બી.ધારૂકાવાલા આર્ટ્સ કોલેજ, સ્પિનીંગ મિલની સામે, વરાછા રોડ, સુરત.)** |
| **(૯) આ.ડૉ.કેયૂરકુમાર એમ. નાયક** | **(લક્ષ્મી ઈન્સ્ટિટયુટ ઓફ કોમર્સ, સરીગામ, પોસ્ટ બેગ નં. ૧૫, વલસાડ.)** |

**3. Nine teachers of the affiliated colleges to be appointed by the syndicate.**

| | |
|---|---|
| **(૧) શ્રી ભરતભાઈ ભંડારી** | **(ઝેડ.એફ.વાડીયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે. જહોટા કોલેજ ઓફ કોમર્સ,અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૨) સ્વાતી નાયક** | **(બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, જિ.: નવસારી.)** |
| **(૩) શ્રી અજીતભાઈ નાયક** | **(સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૪) ડૉ.દિપક હોવાલે** | **(જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ.)** |
| **(૫) ડૉ. સંજયભાઈ મણિયાર** | **(શાહ કે. એમ. લૉ કોલેજ, તીથલરોડ, વલસાડ.)** |
| **(૬) શ્રી સી. કે. પટેલ** | **(શ્રી એસ.જી.પટેલ આર્ટ્સ એન્ડ શ્રી પી.કે.દેસાઈ કોમર્સ કોલેજ, નિઝર.)** |
| **(૭) શ્રી વ્રિજેશભાઈ શુકલ** | **(એમ. કે. ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ, ભરૂચ.)** |
| **(૮) ભાવનાબહેન વીમાવાલા** | **(ફેકલ્ટી ઓફ આર્કિટેકચર, સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, અઠવાલાઈન્સ, સુરત.)** |
| **(૯) એમ. એન. દેસાઈ** | **(પી. આર. બી. આર્ટ્સ એન્ડ પી. જી. આર. કોમર્સ કોલેજ, બારડોલી, જિ.: સુરત.)** |

૧૦. બેચલર ઓફ ફાઈન આર્ટ્સ અભ્યાસક્રમ અંતર્ગત ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેંટમાં U.K. આર્ટિસ્ટની રેસિડેન્સી બાબત એક પ્રપોઝલ S.U.P. (SOMETHING USEFULL PROJECT) દ્વારા આપવામાં આવી છે. S.U.P.એ નવા કલાકારોને પ્લેટફોર્મ પુરૂ પાડતી એવી એક સંસ્થા છે, જેઓ સુરતની ફાઈન આર્ટ્સ સાથે કોલોબ્રેશન કરી એક આર્ટિસ્ટની રેસિડેન્સી સુરતની ફાઈન આર્ટ્સ કોલેજ માં ચાલુ કરવા માંગે છે.

આ સમગ્ર પ્રોજેકટનું નામ "S.U.P. BESPOKE RESIDENCY PROGRAME" છે. તેમના દ્વારા જે પ્રપોઝલ આપવામાં આવી છે. જેમાં બે M.A GRADUATE U.K. નાં પ્રોફેશનલ આર્ટિસ્ટ કોલેજનાં વિદ્યાર્થીઓ સાથે ૪ મહિના (પ્રથમ સત્રમાં) ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેંટમાં રહી તેઓ સાથે કામ કરશે. આ પ્રોફેશનલ આર્ટિસ્ટની પસંદગી S.U.P. દ્વારા તેઓનાં કામનાં આધારે કરવામાં આવે છે અને U.K. નાં બેસ્ટ આર્ટિસ્ટને જ આ રેસિડેન્સીનો લાભ મળે છે. જેમાં તેઓનાં ટ્રાવેલ ખર્ચ અને અન્ય ખર્ચ આ S.U.P. સંસ્થા ઉઠાવે છે. આ સમગ્ર રેસિડેન્સીમાં ફાઈન આર્ટ્સ દ્વારા માત્ર તેમનાં કામ કરવા માટેનાં સ્ટુડિયો તથા યુનિવર્સિટીનાં નવા ગેસ્ટ હાઉસમાં બે અલગ–અલગ રૂમમાં રહેવાની વ્યવસ્થા ૪ મહિના માટે કરવાની રહેશે તથા તેનો ખર્ચ અને બાકીનો સમગ્ર ખર્ચ S.U.P. નામની સંસ્થા જ ઉઠાવશે. આ સિવાય તેમનો ઉપરનો એકેય ખર્ચો ફાઈન આર્ટ્સ કે યુનિવર્સિટી દ્વારા કરવાનો નથી. સદર S.U.P.B.R.P. ફાઈન આર્ટ્સ વિષય ખાતે શરૂ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ફાઈન આર્ટસ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી.**

૧૧. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતેનાં "શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચર, ઈન્ટીરીયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટસ" અંતર્ગત ચલાવવામાં આવતા B.Arch. સ્વનિર્ભર અભ્યાસક્રમના ઈ.ચા.આચાર્યશ્રી હેમરશ્મી પારેખ તથા કો–ઓર્ડિનેટરશ્રી શિવરાવ ચન્નપટ્ટનના તા.૨૨/૦૨/૨૦૧૬ના યુનિવર્સિટીની સુવર્ણ જયંતિ અંતર્ગત આયોજીત National Association of students of Architecture (NASA) Convntion અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

(આર્કિટેકચર)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે નીચે મુજબના સભ્યોની સમિતિ ઉપર નિમણૂંક કરવી અને આ સમિતિએ સમગ્ર બાબતનો અભ્યાસ કરી સમગ્રલક્ષી અહેવાલ રજૂ કરવો.**

**(૧) શ્રી સંજયભાઈ આઈ. દેસાઈ (સિન્ડિકેટ સભ્યશ્રી)**

**(૨) આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયક (સિન્ડિકેટ સભ્યશ્રી)**

૧૨. યુનિવર્સિટી સંલગ્ન જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ કોલેજ ઓફ મેનેજમેન્ટ, વરાછા રોડ, સુરતનાં ઈ.ચા. આચાર્યશ્રીનો તા.૦૫/૦૩/૨૦૧૬નાં Ref. No. : ૫૨૬/૨૦૧૫ –૧૬ નો બિડાણ સહિતનો પત્ર અત્રેનાં કાર્યાલયને તા.૦૫/૦૩/૨૦૧૬નાં રોજ મળેલ છે, જે અવલોકને લેવા વિનંતી. (બિડાણ સહિતનો પત્ર આ સાથે સામેલ છે.)

ઉપરોકત જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતિ કોલેજ ઓફ મેનેજમેન્ટ, વરાછા રોડ, સુરતનાં ઈ.ચા. આચાર્યશ્રી તેમના તા.૦૫/૦૩/૨૦૧૬નાં Ref. No. : ૫૨૬/૨૦૧૫–૧૬ નાં બિડાણ સહિતનાં પત્રથી અત્રેનાં કાર્યાલયને જણાવે છે કે, નીચે દર્શાવેલ અધ્યાપકો સદર કોલેજમાં એકાઉન્ટન્સી વિષયના પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવે છે યુનિવર્સિટીના નિયમ મુજબ તેઓ એ પાંચ વર્ષમાં NET/SLET, **M.Phil**/Ph.D. ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. પરંતુ જેઓએ વધારાની લાયકાત **PH.D.** ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. જેની નોંધ લેવા બાબત.

| ક્રમ | નામ | યુનિવર્સિટીના પરિપત્ર મુજબ નિમણૂંક તારીખ | ડીગ્રી | ડીગ્રી મેળવેલ તારીખ | વિષય |
|---|---|---|---|---|---|
| ૧ | પટેલ પર્વત રણછોડભાઈ | એસ(૧)/૧૧૬૮૯/ ૨૦૦૫ તા.૦૩/૧૨/૨૦૦૫ | Ph.D. | February-2016 | Commerce |

વધુમાં જણાવવાનું કે, શ્રી પટેલ પર્વત રણછોડભાઈને અત્રેનાં કાર્યાલયનાં તા.૩–૧૨–૨૦૦૫નાં પત્ર ક્રમાંકઃ એસ(૧)/ ૧૧૬૮૯/ ૨૦૦૫ થી એકાઉન્ટન્સી વિષયનાં વ્યાખ્યાતા તરીકે **નિમણૂંક પત્ર મળ્યેથી (૧૧) માસ માં** નેટ/સેટ **ની પરીક્ષા પાસ** કરવાની શરતે શરતી બહાલી આપવામાં આવી હતી, વધુમાં સિન્ડિકેટ તા.૫–૧૨–૨૦૧૪ ની સભામાં બાબત ક્રમાંક : (૩૭) થી ઠરાવેલ છે કે, **" જે શિક્ષકોની વિવિધ સ્વનિર્ભર અભ્યાસક્રમોમાં ૮ વર્ષમાં (૫+૩) NET/ GSLET/ Ph.D. તથા M.Phil. (જયાં લાગુ પડતુ હોય તેવા કિસ્સાઓમાં જ) પાસ કરવાની શરતે શરતી નિમણૂંક કરવામાં આવી હતી, ત્યાં હવેથી ૮ વર્ષ (૫+૩)ને બદલે ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ) (૫+૩+૩) કરવી અને ૧૧ વર્ષ બાદ કોઈપણ પ્રકારની અવધિ વધારવી નહીં,"** જે અન્વયે શ્રી પટેલ પર્વત રણછોડભાઈ દ્વારા કોમર્સ વિષયમાં/ કોમર્સ ફેકલ્ટીમાં વિષયમાં પીએચ.ડી. ફેબ્રુઆરી – ૨૦૧૬માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટથી પૂર્ણ કરેલ છે, સદર બાબતમાં વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર કેસમાં પણ શરતનું પરિપાલન થયેલ ગણવું.**

૧૩. તા.૨૨–૦૩–૨૦૧૬ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંકઃ ૨, ૩, ૪, ૫ અને ૭ ઉપર વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૨૨–૦૩–૨૦૧૬ના રોજની પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની બાબત ક્રમાંકઃ ૨, ૩, ૪, ૫ અને ૭ને પરિશિષ્ટ : " ખ "માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.**

**(પરિશિષ્ટ : " ખ ")**

**(નોંધ :સભ્યશ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીએ સિ.તા.૭–૪–૨૦૧૬ની કાર્યસુચિ–૨ બાબત ક્રમાંકઃ ૧૪થી પાછળની તમામ બાબતો માટે વાંધો નોંધાવેલ છે.)**

૧૪. તા.૦૪–૦૪–૨૦૧૬ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨ થી ૮.૧ અંગે નાણાં સમિતિએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત....

(હિસાબી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૪–૦૪–૨૦૧૬ની નાણાં સમિતિની સભાની બાબત ક્રમાંક : ૨, ૩, ૬ અને ૭ને યથાવત મંજૂર કરવી**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, બાબત ક્રમાંક : ૦૪માં સદર ટેન્ડર પ્રક્રિયા રદ કરવી. હવેથી ઈ–ટેન્ડરીંગની પ્રક્રિયા કરવી. રિ–ટેન્ડરીંગની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી હાલનો કોન્ટ્રાકટ ચાલુ રાખવો તથા હવેથી જયાં શકય હોય ત્યાં ટુંકી જાહેર ખબર આપવી વધુ માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવી. બાબત ક્રમાંક : ૦૫માં આ ભાવ મંજૂર કરવા અન્ય પાર્ટી આ ભાવે કામ કરી આપે તો તેની પાસે પણ આ પ્રકારનું કામકાજ કરાવવું. બાબત ક્રમાંક : ૮.૧ મંજૂર કરવું તથા ભાવતાલ માટે નેગોશિએશન કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(પરિશિષ્ટ : " ગ ")**

૧૫. AICTEના અધ્યક્ષ પ્રો.અનિલ ડી. સહસ્ત્રબુધ્ધેના યુનિવર્સિટી, કોલેજો તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં "Disability Resource Centers" સ્થાપવા અંગેના તા.૨૪/૦૨/૨૦૧૬, ડી.ઓ. ૭–૨ (ડીડી–એડમીની) (MH.RD/2012/2768 ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(એસસી/એસટી.સેલ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતની નોંધ લેવી.**

૧૬. યુનિવર્સિટી સંલગ્ન ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઉધના, સુરતમાં નવા પસંદગી પામેલા પ્રા. **શ્રી શિવમ એન. શાહ**ની નિમણૂંકને તાકીદે બહાલી આપવા ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ, ઉધના, સુરતનાં પ્રમુખશ્રીનાં તા. ૨૨/૦૩/૨૦૧૬ નાં Ref. No.: UAET/170/2015-16 નાં પત્રથી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

<u>નોંધ</u> :–

(૧) વધુમાં જણાવવાનું કે, ઉપરોકત કોલેજમાં તા.૧૭/૦૯/૨૦૧૪નાં રોજ એકાઉન્ટન્સી/ કોમર્સ વિષયનાં આસીસ્ટન્ટ પ્રોફેસરની પસંદગી માટે પસંદગી સમિતિ મળી હતી, જેમાં પસંદગી સમિતિ દ્વારા સર્વાનુમતે કરેલ ભલામણાનુસાર **શાહ શિવમ નયનકુમાર**ની એકાઉન્ટન્સી/ કોમર્સ વિષયનાં આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે પસંદગી થઈ હતી, પરંતુ સદર કોલેજમાં એકાઉન્ટન્સી વિષયનાં વ્યાખ્યાતા સુષ્મા બી. કુશ્વાહનાં શરતી બહાલીનાં ૮ વર્ષ પૂર્ણ થઈ ગયા હોઈ, સદર બાબત સિન્ડિકેટમાં રજુ કરતાં સિન્ડિકેટ તા.૦૫/૧૨/૨૦૧૪ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૭ નાં મુદ્દા નં. ૦૩ અન્વયે સુષ્મા બી. કુશવાહને છૂટા ન કરવા તથા ૧૧ વર્ષ (એટલે કે વધુ ૩ વર્ષ) (૫ +૩ +૩)નો લાભ આપવો, એ પ્રમાણે ઠરાવેલ છે.

(૨) ઉધના એકેડેમી એજ્યુકેશન ટ્રસ્ટ, ઉધના, સુરતનાં પ્રમુખશ્રીનાં તા. ૨૨/૦૩/૨૦૧૬ નાં Ref. No.: UAET/170/2015-16 નાં પત્રનો પત્ર.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન ઉધના સીટીઝન કોમર્સ કોલેજ એન્ડ ધી સુરત પીપલ્સ કો.ઓ. બેંક કોલેજ ઓફ બીઝનેશ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડેમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઉધના, સુરતમાં નવા પસંદગી પામેલા પ્રા. શ્રી શિવમ એન. શાહની નિમણૂંકને બહાલી આપવી.**

૧૭. યુનિવર્સિટી સંલગ્ન એસ.બી. ગાર્ડા કોલેજ (આર્ટસ) એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીનાં ઈ.ચા. આચાર્યશ્રીનો તા.૧૭/૦૩/૨૦૧૬નાં પત્રકમાંક નંબર – ૧૦૦૭/૨૦૧૫–૧૬નો પત્ર અત્રેનાં કાર્યાલયને તા.૨૮/૦૩/૨૦૧૬નાં પત્રથી નીચે મુજબના સરનામા પર પત્ર વ્યવહાર કરવા કરેલ વિનંતીની નોંધ લેવા બાબત.(પત્ર આ સાથે સામેલ છે.)

<u>ગાર્ડા કોલેજ ટ્રસ્ટના પત્ર વ્યવહાર અંગેનું સરનામું</u>
શ્રી દારા કે. દેબુ – ચેરમેનશ્રી,
ગાર્ડા કોલેજ ટ્રસ્ટ
એસ.બી.ગાર્ડા કોલેજ (આર્ટસ) એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી
ફુવારા નજીક, સયાજી રોડ, નવસારી

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સંલગ્ન એસ.બી. ગાર્ડા કોલેજ (આર્ટસ) એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીનાં ઈ.ચા.આચાર્યશ્રીનાં ઉપર મુજબના સરનામા પર પત્ર વ્યવહાર કરવા કરેલ વિનંતીની નોંધ લેવી તથા ત્રણેય કોલેજીસમાં આચાર્ય/ સ્ટાફની નિમણૂંક કરવાની તાકીદ ટ્રસ્ટને કરવી.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૧૮. સિન્ડિકેટ સભ્યશ્રી શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારીના તા.૦૭–૦૪–૨૦૧૬નો પત્ર તથા સિન્ડિકેટ સભ્યશ્રીઓ શ્રી પરેશ રમેશભાઈ પટેલ, આ.ડૉ.મહેન્દ્રસિંહ ડી. ચૌહણ અને ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલની સંયુક્ત સહીથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પુસ્તકાલય અનામત (ડીપોઝીટ) વિદ્યાર્થીઓની પરીક્ષા પૂર્ણ થાય તે પહેલા નિયમાનુસાર પરત કરવા કોલેજીસને પરિપત્ર કરવો. સ્નાતક પ્રવેશો માટે સુરત શહેરની કેન્દ્રિય પ્રવેશ સમિતિ નિમવી તથા કઈ કઈ કોલેજીસને કેન્દ્રિય પ્રવેશ સમિતિમાં સમાવેશ કરવો કે નહીં તેની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી તથા સ્વનિર્ભર પ્રોગ્રામમાં વર્ગદીઠ મહત્તમ સંખ્યા ૬૦ની જગ્યાએ ૭૦ સુધી તથા ૧૦૦ની જગ્યાએ ૧૧૫ સુધી તથા અનુદાનિત કોલેજીસમાં ૧૫૦ સુધી શૈક્ષણિક વર્ષ: ૨૦૧૬–૧૭ પુરતી જ રાખવી.**

**વધુમાં જયાં પ્રયોગિક કાર્ય હોય ત્યાં જરૂરી સુવિધા પૂર્ણ કરવાની શરતે શરતી વર્ગદીઠ સંખ્યા વધારો આપવો.**

**ઉપરાંત દરેક કોલેજની કેન્દ્રસ્થ પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બાકી રહેતી સીટી ભરવાની વ્યવસ્થા પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય એ પહેલા કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(પરિશિષ્ટ :'' ઘ '')**

૧૯. યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગમાં ચાલતા MCA અભ્યાસક્રમમાં સીધો પ્રવેશ મેળવવા અંગેની કાર્યવાહી બાબતે ફોરેઈન સ્ટુડન્ટસ દ્વારા અવાર–નવાર પૂછપરછ કરવામાં આવે છે, તો તે સંદર્ભમાં MCA અભ્યાસક્રમમાં ફોરેઈન સ્ટુડન્ટસ માટે ફી નકકી કરવા અંગેના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રો. અને હેડ, ડૉ.અપૂર્વ એ. દેસાઈના તા.૦૬–૦૪–૨૦૧૬ના પત્રાંક: કોમ્પ્યુટર સાયન્સ/૧૮૪૨/ ૨૦૧૬ ઉપર વિચારણા કરવા બાબત.

(કોમ્પ્યુટર સાયન્સ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે ફી US $ 2500/- રાખવી.**

૨૦. આગામી ઉનાળુ વેકેશનમાં એક અઠવાડિયાનું અધ્યાપકોને નુકશાન થવા બાબતના સાઉથ ગુજરાત કોલેજ એન્ડ યુનિવર્સિટી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખશ્રીના તા.૨૬–૨–૨૦૧૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(શૈક્ષણિક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે યોગ્ય નિર્ણય કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

૨૧. સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, સુરત ખાતે પી.જી. (M.P.T.) માસ્તર ઓફ ફિઝીયોથેરાપી કોર્ષ શરૂ કરવા માટે જોડાણ ફોર્મ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સરકારી ફિઝીયોથેરાપી કોલેજ, સુરત ખાતે પી.જી. (M.P.T.) માસ્તર ઓફ ફિઝીયોથેરાપી કોર્ષ શરૂ કરવા માટે જોડાણ ફોર્મ આપવું તથા અન્ય ટ્રસ્ટની માંગણી હોય તો પણ જોડાણ ફોર્મ આપવું.**

૨૨. યુનિવર્સિટી અંતર્ગત ચાલતી સ્વનિર્ભર/ ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજો પૈકીની જે કોલેજોમાં " ડાયરેકટર "ના હોદ્દાની સ્પષ્ટતા અંગેના સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ આઈ. દેસાઈના તા.૪–૪–૨૦૧૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, હાલના તમામ ડાયરેકટરની માન્યતા રદ થયાની જાણ જે તે ટ્રસ્ટને કરવી.**

૨૩. શ્રી કમલેશ એમ. પટેલ, અધ્યક્ષ, કાનુન વિદ્યાશાખા તા.૦૪/૦૪/૨૦૧૬ના યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.કૈલાસબેન પી. પટેલની ખાતાકીય તપાસ સમિતિના સભ્ય તરીકે કરવામાં આવેલ નિમણૂંકમાંથી મુકિત આપવા અંગેના પત્ર પર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બાયોસાયન્સ વિભાગના આસીસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.કૈલાસબેન પી. પટેલની ખાતાકીય તપાસ સમિતિના સભ્ય તરીકે શ્રી કમલેશ પટેલને મુકત કરવા તથા તેમની જગ્યાએ આ.ડૉ.વિપીનકુમાર ડી. નાયકની નિમણૂંક કરવી.**

૨૪. વાણિજયના અનુસ્નાતક વિભાગના કો–કોઓર્ડિનેટર તરીકે ડી.બી.આઈ.એમ.ના અધ્યક્ષ ડૉ.રેણુકાબેન ગર્ગની નિમણૂંક કરવા બાબતના સિન્ડિકેટ સભ્યશ્રી આ.ડૉ.વિપિનકુમાર ડી. નાયકના તા.૫–૪–૨૦૧૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સ્વનિર્ભર વાણિજયના અનુસ્નાતક વિભાગ જૂન–૨૦૧૬થી ડી. બી. આઈ. એમ.ના ભવનમાં ચલાવવો તથા કો–કોઓર્ડિનેટર તરીકે ડી. બી. આઈ. એમ.ના અધ્યક્ષ ડૉ.રેણુકાબેન ગર્ગની નિમણૂંક કરવી.**

**૨૫. કેટલાક ટ્રસ્ટો અવાર નવાર કોલેજના જોડાણ સંદર્ભે Apex Body માટે N.O.C. કે Consent Letterની માંગણી કરતા હોય છે તે આપવા અંગે વિચારણા કરવા બાબત.**

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, હવેથી કોઈ સંસ્થાને Apex Body માટે N.O.C. કે Consent Letter આપવાનો થાય તો તે આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**અધ્યક્ષશ્રીનો આભાર માની સભા બરખાસ્ત થઈ.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત. **કુલસચિવ**

ક્રમાંક : એસ–૧ (૧)/ ૫૪૭૫ /૨૦૧૬.

તા.૧૯–૪–૨૦૧૬.

પ્રતિ,

સિન્ડિકેટના સર્વ સભ્યશ્રીઓ......